# માળિયા પુરાણ



શ્રાદ્ધના દિવસો પૂરાં થવામાં હોય ત્યાં પુરુષોને ખાસ કરીને પતિ દેવોનો મનમાં ભે પેસી જાય કે વળી પાછા માળીયે ચડવાનો, સાફ કરવાનો વારો પડી જશે. અને મને-કમને કર્યા વગર છૂટકો નથી. આડોશ-પાડોશમાંથી ઘોડો ય (લેડર) લાવવાનોને પછી ગધેડાની જેમ મજુરી.

આ ઘટનાને લગતા કેટલાક જૂની ફિલ્મોના ગીતોના મુખડાની પેરોડી તથા અન્ય ત્રણેક પ્રસંગો નીચે દર્શાવ્યા છે. આફતને અવસરમાં પલટી મોજ માણો ત્યારે....!

- ઈતની શક્તિ હમેં દેના દાતા
  'માળયે' કી સફાઈ મૈં કર શકું.
- પત્ની : ચડો દિલદાર ચડો, 'માળિયે' કે પાર ચડો
  પતિ : હમ હૈ તૈયાર હો... હો...
  (પાકિઝા)
- જાના તુમ્હારે પ્યારે મેં, હેરાન હો ગયાં હું
  કયા કયા બનના ચાહા થા, મજદૂર બન ગયા હું
  (સસુરાલ)
- તુમ આજ ઝાડુ સંગ હસ લો
  તુમ આજ ઝાડુ સંગ ગા લો
  ઔર હંસતે-ગાતે ઈસ 'માળિયે' કી
  અચ્છી સફાઈ કર લો.
- સફાઈ કરનેવાલે સફાઈ કિયે જા
  સફાઈ કે બદલે ચા-પાની પિયે જા
  (માબાપ)
- દુ:ખી મન મેરે સુનો મેરા કહેના
  જહાં નહીં 'માળિયા' વહાં તુમ રહેના
  (ફન્ટુશ)
- (માળિયા સફાઈ કર્યા પછીનું ગીત)
  સુખ ભરે દિન બિતે રે ભૈયા
  અબ દુ:ખ આયો રે
  થકાન ફિરસે તનમેં લાયો રે
  (મધર ઈન્ડિયા)

(અ) હવે તો ભાડે મકાન ગોતનાર પણ મકાન માલિકને પેલ્લો સવાલ કરશે 'માળિયા છે ઘરમાં?'

મકાન માલિક : હા છે ને દરેક રૂમમાં ને રસોડામાં છે.

ગોતનાર : 'તેલ લેવા ગ્યુ. નથ જો તું...!'

(બ) તો બિલ્ડર પણ ફ્લેટોની જાહેરાત છપાવશે.

(એ) અમારી સ્કીમમાં એક પણ ફ્લેટમાં 'માળિયું નથી', પુરુષોને આવી સગવડ બીજે કયાંક નહીં મળે...!

(બી) અમારા ફ્લેટોમાં જે ફ્લેટમાં 'માળિયા' છે તે ફ્લેટ લેનારને સીડી (લેડર) ભેટ.

(સી) તો આવું દશ્ય પણ જોવા મળે. તમે માળિયુ સાફ કરતા હો એવામાં પાડોશણ આવે અને (બાંઠ હોય એટલે) કૂણા ઉપર થઈને જોવો. તમારી પીઠનો ભાગ જઈનો કહેશે, 'એ હીરાબેન, તમારું માળિયું સાફ થ્યે કે ડે, રામલાને મારે ત્યાં મોકલજોને મારેય માળિયું સાફ કરવવાનું છે!' (આ વખતે માળીયે ચડેલા 'રામલાને' મનમાં થતું હોય, પછી શું લેવા અત્યારે જ આવું. પાછા હીરાબેન કેય ખરાં, 'ઈ રામલો નથી, તમારા ભાઈ છે!'

પતિને આ સાંભળી ડચૂરો ભરાઈ જાય. મનમાં થાય, 'આવડી (પત્ની) આય છે ને સાવ! પાછો મને ભાઈ કર્યો!'

- ભગદિવ ભટ્ટ 'હાસ્યાયન'

## NCC ગ્રૂપ હેડ ક્વાર્ટર રાજકોટ દ્વારા કેન્સર અંગે જાગૃતિ માટે વેબિનાર યોજાયો

કભાઈ ખંડેરિયા ચેરેટિબલ ટ્રસ્ટ હેલ્થ એન્ડ એજ્યુકેશનના સહયોગથી કેન્સર અંગે જાગૃતિ માટે ૦૭ નવેમ્બર ૨૦૨૦ના રોજ એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું સંકલન ૮ ગુજરાત બટાલિયન NCC, જુનાગઢ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વેબિનારનો ઉદ્દેશ યુવાન છોકરાઓ અને છોકરીઓમાં વિવિધ પ્રકારના કેન્સરથી બચવા માટે સતર્કતા, નિવારણ અને સાવચેતીના પગલાંઓ સંબંધિત ધ્યાનમાં લેવાની મુખ્ય બાબતો અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.




આ પહેલ બ્રિગેડિયર એસ.એન.તિવારી, ગ્રૂપ કમાન્ડર, NCC ગ્રૂપ હેડક્વાર્ટર રાજકોટ દ્વારા હાથ ધરવામાં આવી હતી. આ વેબિનારના પ્રારંભ પ્રસંગે તેમણે આપેલા સંબોધનમાં યુવાનોમાં કેન્સર અંગે જાગૃતિ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં 160 NCC કેડેટ્સ ઉપરાંત ૮ એસોસિએટેડ NCC અધિકારીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો અને સાથે FOGSI ના ડૉ. અલ્પેશ ગાંધી, કેન્સર કેર ઇન્ડિયાના અધ્યક્ષ સુશ્રી સુધા મુર્ગાઈ, Ob Gy કન્સલ્ટન્ટ ડૉ. કલ્પના અને બી.જે મેડિકલ કોલેજના પ્રોફેસર સ્મિતા શાહ પણ જોડાયા હતા. તેમણે આ વેબિનાર દરમિયાન ''કેન્સરનું વહેલું નિદાન અને સ્ક્રિનિંગ'' મુદ્દા પર વિગતે વર્ણન કર્યું હતું અને કેડેટ્સે નિષ્ણાતોની પેનલ સાથે વાર્તાલાપ કરીને તેમના પ્રશ્નો અંગે સ્પષ્ટતા મેળવી હતી. કેન્સર જાગૃતિ દિવસ નિમિત્તે સહભાગીઓ માટે આ અનુભવ ખૂબ જ માહિતીસભર, જાણકારીપૂર્ણ અને જ્ઞાનાત્મક રહ્યો હતો.


### આઇઆઇટી ગાંધીનગરની ભૂતપૂર્વ પીએચડી વિદ્યાર્થીનીએ

# SITARE - ગાંધીયન યંગ ટેકનોલોજીકલ એવોર્ડ ૨૦૨૦ જીત્યો

**આઈઆઈટી ગાંધીનગરમાં કેમિકલ એન્જિનિયરિંગની ભૂતપૂર્વ પીએચડી વિદ્યાર્થીની સુશ્રી દીપા દિક્ષિતને 'નોન-ઇલેક્ટ્રિક અને એફોર્ડેબલ સરફેસ એન્જિનિયર્ડ પાર્ટિકલ બેઝ્ડ પોઇન્ટ-ઓફ-યુઝ વોટર ડિસઇન્ફેક્શન' સિસ્ટમ વિકસિત કરવા માટે આ એવોર્ડ મળ્યો છે**

ગાંધીનગર, તા. ૭

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)ની કેમિકલ એન્જિનિયરિંગ શાખામાંથી તાજેતરની પીએચડી સ્નાતક, દીપા દિક્ષિતે, સ્ટુડન્ટ્સ ઈનોવેશન્સ ફોર એડવાન્સમેંટ ઓફ રીસર્ચ એક્સપ્લોરેશન્સ - ગાંધીયન યંગ ટેકનોલોજીકલ ઈનોવેશન (SITARE-GYTI)ની કેટેગરીમાં ગાંધીયન યંગ ટેક્નોલોજિકલ ઈનોવેશન એવોર્ડ ૨૦૨૦ જીત્યો છે. નવેમ્બર ૦૫, ૨૦૨૦ના રોજ નવી દિલ્હીમાં યોજાયેલ SITARE-GYTI અને SRISTI-GYTI એવોર્ડ્સના વર્ચુઅલ એવોર્ડ સમારોહમાં માનનીય કેન્દ્રીય પ્રધાન ડૉ હર્ષ વર્ધન પણ હાજર રહ્યા હતા.




SITARE-GYTI એવોર્ડ મેળવનારા દેશભરના ૧૪ વિદ્યાર્થીઓમાંથી દીપા એક છે, જેમને સંબંધિત ક્ષેત્રોના અગ્રણી પ્રોફેસરો અને વૈજ્ઞાનિકો દ્વારા સખત સમીક્ષા પ્રક્રિયા બાદ પસંદ કરવામાં આવ્યા હતા. આ વર્ષે, SITARE-GYTI એવોર્ડ કેટેગરીમાં ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૬ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓના સ્ટુડન્ટ ઈનોવેટર્સની ૨૫૦ એન્ટ્રી મળી હતી.

દીપાને આ એવોર્ડ એક 'નોન-ઈલેક્ટ્રિક અને એફોર્ડેબલ સરફેસ એન્જિનિયર્ડ પાર્ટિકલ બેઝ્ડ પોઈન્ટ-ઓફ-યુઝ વોટર ડિસઈન્ફેક્શન' સિસ્ટમ વિકસાવવા માટે મળ્યો છે. દીપાનો હેતુ એક ઓછા ખર્ચાળ અને ઉપયોગમાં સરળ હોય તેવું પીવાના પાણીનું ફિલ્ટર વિકસાવવાનો હતો, જે ઓછી આવકવાળા જૂથોમાં પાણી ઉકળવાની અને ક્લોરીનેશનની પરંપરાગત ઉપચાર પદ્ધતિઓને બદલી શકે. દીપાએ તેમના પીએચડી માર્ગદર્શિક પ્રો. ચિન્મય ઘોરોઈ (બીએસ ગેલોત ચેર પ્રોફેસર ઓફ કેમિકલ એન્જિનિયરિંગ)ના માર્ગદર્શન હેઠળ, સસ્તી 'સરફેસ-એન્જિનિયર્ડ પાર્ટિકલ્સ' (એસઈપી) આધારિત નોન-ઈલેક્ટ્રિક, પોઈન્ટ-ઓફ-યુઝ (પી.ઓ.યુ.) પાણી શુદ્ધિકરણની પધ્ધતિ ડિઝાઈન અને વિકસિત કરી, જે પ્રતિ મિલીલીટર પાણીના ૩૦૦ મિલિયન કોષોમાંથી ૯૯.૪૮% બેક્ટેરિયાને દૂર કરી શકે છે, તે પણ, પોઈન્ટ-ઓફ-યુઝ (પી.ઓ.યુ.) એપ્લિકેશન માટે કોઈ પણ જીવાણુનાશક એજન્ટ જેવા કે સિલ્વર નેનોપાર્ટિકલ્સ અથવા સિલ્વર આયન્સનો ઉપયોગ કર્યા વિના. પાણીના જીવાણુ નાશ કરવાની આ પ્રક્રિયામાં 'સરફેસ-એન્જિનિયર્ડ પાર્ટિકલ્સહ્ર એ રીતે એન્જિનિયર્ડ કરવામાં આવ્યા છે કે તેઓ નેનોસ્કેલ રફનેસ ધરાવે છે, જે જીવાણુંથી દૂષિત પાણી તેમાંથી પસાર થાય ત્યારે બેક્ટેરિયાને તેમાં જકડી શકે છે.




A Non-Electric and Affordable Surface Engineered Particle Based Point-of-Use Water Disinfection
Deepa Dixit

બેક્ટેરિયાને દૂર કરવા ઉપરાંત, એસઈપી-આધારિત ફિલ્ટર પાણીની ડહોળાશ પણ દૂર કરે છે [27.1 એનટીયુથી ૦.૩૬ એનટીયુ (~ 99%)] , જેનાથી ફિલ્ટર કરેલા પાણીના pHને ૭.૫ થી ૯.૦ ની વચ્ચે જાળવી રાખે છે. તેથી, તેને પાણીના નળ અથવા સંગ્રહિત જળના સ્રોત અથવા કોઈપણ અન્ય પોઈન્ટ-ઓફ-યુઝ સાથે સીધુ જ જોડી શકાય છે. આ જળ શુદ્ધિકરણ સિસ્ટમ અવિકસિત અને દૂરસ્થ વિસ્તારોમાં, જ્યાં પીવાલાયક પાણીની અછત હોય છે, ત્યાં ઉપયોગમાં લેવામાં આવતી પરંપરાગત પાણી શુદ્ધિકરણની પદ્ધતિઓને સરળતાથી બદલી શકે છે. આ ઉપરાંત, આ સામગ્રીનો ઉપયોગ કુદરતી આફતો દરમિયાન પણ થઈ શકે છે જ્યારે બેક્ટેરીયલ પેથોજેન્સ પાણીજન્ય રોગોનું મુખ્ય કારણ હોય છે.


આ સિદ્ધિ પર તેમના વિચારો શેર કરતાં દીપા દિક્ષિતે કહ્યું, ''પ્રતિષ્ઠિત SITARE-ગાંધીયન યંગ ટેક્નોલોજીકલ એવોર્ડ ૨૦૨૦ મેળવવો મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. આઈઆઈટી ગાંધીનગરે સીમાથી આગળ વિચારવાની સ્વતંત્રતા આપી અને વિશ્વ કક્ષાનું સંશોધન વાતાવરણ પ્રદાન કર્યું, જેનાથી આપણા સમાજની એક ગંભીર સમસ્યા હલ કરી શકે તેવી મારી કલ્પનાને કાર્યકારી પ્રોટોટાઈપમાં આકાર આપી શકાય''.

ગાંધીયન યંગ ટેક્નોલોજિકલ ઈનોવેશન એવોર્ડ બે કેટેગરીમાં આપવામાં આવે છે, ૧) બાયોટેકનોલોજી ઉદ્યોગ સંશોધન સહાય પરિષદ (બીઆઈઆરએસી), બાયોટેકનોલોજી વિભાગ (ડીબીટી) હેઠળ SITARE-GYTI અને ૨) SRISTI દ્વારા આપવામાં આવતા SRISTI-GYTI. આ એવોર્ડ્સ અને પ્રશંસાપત્રો



ટેકનોલોજીના વિદ્યાર્થીઓને બાયોટેક અને અન્ય સ્ટાર્ટ અપ્સની સ્થાપના તરફ આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવા માટે આપવામાં આવે છે.

# સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ ખાતે ફ્રેશર્સ ઈવેન્ટ યોજાઈ




ગાંધીનગર, તા. ૭

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ગાંધીનગર દ્વારા તા. ૦૬.૧૧.૨૦૨૦ ના રોજ ઓનલાઈન પ્લેટફોર્મ (ઝૂમ ક્લાઉડ એપ) દ્વારા નવા પ્રવેશ મેળવનાર ફર્સ્ટ સેમ બી.ફોર્મ અને ફર્સ્ટ યર ફાર્મ.ડી વિદ્યાર્થીઓ માટે ફ્રેશર્સ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામ માં ત્રણ પ્રકારનાં ઈવેન્ટ્સ નું આયોજન કરવામાં આવેલ હતુ. વકતૃત્વ સ્પર્ધા (હ્યુમન વેલ્યુ), ગાયક સ્પર્ધા, નૃત્ય સ્પર્ધા જેમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વકતૃત્વ સ્પર્ધામાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ, ૧૪ વિદ્યાર્થીઓએ ગાયક સ્પર્ધામાં અને ૬ વિદ્યાર્થીઓએ નૃત્ય સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ઑનલાઈન મીટ દ્વારા વિદ્યાર્થીઓએ આ મહામારી ના યુગમાં ફ્રેશર્સ ઈવેન્ટ નો ખૂબ આનંદ માણ્યો હતો. આ પ્રકારની પ્રવૃતિઓના આયોજનથી વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓ જાગૃત થાય છે અને વિદ્યાર્થીઓની આજીવનની સ્મૃતિ બની રહે છે.





મૂર્ધન્ય ફ્લેટસમાં રહેતી નિર્ઝરા ચાવડાને પહેલેથી જ જરુરીયાત મંદોને મદદરૂપ થવાનો શોખ છે. છેલ્લા ૨/૩ વરસથી પોતે દિવાળીમાં આવા જેલ આકર્ષક દિવા તૈયાર કરી ફ્લેટસ તથા સગાં ઓને વેચી થતો નફો ૧૫૦૦ થી ૨૦૦૦ રૂપિયાની મિઠાઈ ખરીદી ઝૂપડપટ્ટીના બાળકોને વહેંચે છે.વેકસ, જેલ તથા જોઈતુ મટીરીયલ પણ તેની માતા રૂપલ અને પિતા વીરેનદર સિંહ ચાવડા હોલસેલ ભાવે ખરીદી નિર્ઝરા ની સેવાકીય કામગીરીને પ્રોત્સાહિત કરે છે.





ગૂજરાત વિદ્યાપીઠ - મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરામાં સ્વયં પાક બનાવી સમૂહ ભોજન કરી દિવાળીની શુભેચ્છાઓ પૂર્વે સ્નેહમિલન કરી સેવકોના એકબીજાના સંબંધો અને એકતા મજબૂત બને તે માટેનો કાર્યક્રમ યોજાયો હતો. ૪૫ સેવકો ભેગા મળી સ્વદેશી આહાર જેવા કે બાજરીનો રોટલા, રીંગણનું ભડથું, ઘી, ગોળ અને છાશ જાતે જ બનાવી સમૂહ ભોજન લીધું હતું. આ કાર્યક્રમનું આયોજન ડૉ. ગાયત્રી દત્ત મહેતાના સદ્ભાવથી થયું હતું. ડૉ. મિલન ભટ્ટ, ડૉ. ગેલજી ભાટીયા, બળદેવભાઈ રાઠોડ અને પ્રદિપ રાઓલની જહેમતથી સ્વયં પાક દ્વારા સમૂહ ભોજન અને દીવાળી અને બેસતા વર્ષની શુભેચ્છાઓ સાથે દીવાળીની રજાઓ માટે છૂટા પડ્યા હતા.



## એસ. કે. પટેલ સ્કૂલમાં તોરણ મેકિંગ અને દીવા મેકિંગ કાર્યક્રમ કરાયો

સર્વ વિદ્યાલય કેળવણિ મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ સ્કુલમાં તોરણ મેકિંગ અને દિવા મેકિંગ કાર્યક્રમ કરાયો. જેમાં બાળકો એ દિવાળીનાં આગમન માટે તેમનાં વાલિઓની મદદથી સરસ મજાનાં અલગ અલગ પ્રકારનાં તોરણો અને કલરફુલ દિવા બનવ્યા હતા. અને તેના ફોટા શિક્ષિકાઓ ને મોકલ્યા હતા. આ કાર્યક્રમ માં બાળકોને પણ ખુબજ મજા આવી હતી.

## જન્મદિને વધામણી



હસમુખલાલ અર્જુનભાઈ પટેલ
મો. ૯૪૨૬૫ ૮૨૫૯૪



ગાંડાભાઈ જે ગુર્જર



નયનાબેન ભરતકુમાર પાઠક
મો. ૬૩૫૧૪ ૭૨૦૩૨



મીનાબેન આઈ પટેલ



પાર્થ બ્રહ્મભટ્ટ
યુથ, રેડક્રોસ ગાંધીનગર



તનવીર રાણા
મો. ૮૧૨૮૨ ૩૯૧૩૬



હરેશ પરમાર
મો. ૭૯૯૦૫ ૦૮૫૫૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક